# <u>જ્ઞાન સહાયક (માધ્યમિક) શાળા પસંદગી પ્રક્રિયા માર્ગદર્શક સૂચનો</u>

- જ્ઞાન સહાયક (માધ્યમિક) ની મેરીટ યાદીમાં સમાવિષ્ટ થયેલ તમામ ઉમેદવારોને પોતાના માધ્યમ અને વિષય માટેની શાળા પસંદગીની પ્રક્રિયા શરુ કરવામાં આવેલ છે.
- જ્ઞાન સહાયક (માધ્યમિક) ભરતીના પોર્ટલ પર માધ્યમવાર અને વિષયવાર ખાલી જગ્યાઓની યાદી મુકેલી છે. મેરીટ યાદીમાં સમાવિષ્ટ ઉમેદવાર આ યાદીનો અભ્યાસ કરે તે ઇચ્છનીય છે.

- જ્ઞાન સહાયક (માધ્યમિક) પોર્ટલ પર Dashboard પર ક્લિક કરતા School Selection નો વિકલ્પ જોવા મળશે. જેના પર ક્લિક કરી યાદીમાંથી ઉમેદવાર જિલ્લાવાર અને તાલુકાવાર શાળાઓની યાદીમાંથી શાળા પસંદ કરી શકશે અને અગ્રીમતાક્રમ (priority) નક્કી કરી શકશે. શાળા પસંદ કર્યા બાદ તે યાદી SAVE કરવી ફરજીયાત છે.




- પોર્ટલ પરથી ઉમેદવાર જિલ્લાવાર અને તાલુકાવાર શાળાઓની યાદીમાંથી શાળા પસંદ કર્યા બાદ View School Selection પર ક્લિક કરી પસંદ કરેલી શાળાઓની યાદી જોઈ શકે છે તેમજ પસંદ કરેલ શાળાઓનો અગ્રીમતાક્રમ (priority) માં ફેરફાર કરી શકશે. અને જો ઉમેદવાર અગ્રીમતાક્રમ (priority) માં ફેરફાર કરે છે તો તે યાદી SAVE કરવી ફરજીયાત છે.




- ઉમેદવાર શાળા પસંદ કર્યા બાદ View School Selection પર ક્લિક કરી પસંદ કરેલી શાળાઓની યાદી શાળાઓનો અગ્રીમતાક્રમ (priority) માં ફેરફાર કરી શકશે. અને જો **ઉમેદવાર અગ્રીમતાક્રમ (priority) માં ફેરફાર કરે છે તો તે યાદી SAVE કરવી ફરજીયાત છે.** જો કોઈ ઉમેદવાર **યાદી Save કર્યા વગર સીધું જ Save & Confirm બટન પર ક્લિક કરે છે તો જે અગ્રીમતા ક્રમ સાથે શાળા પસંદ કરેલી હશે તે મુજબ યાદી Confirm થઇ જશે અને તેમાં પછીથી કોઈ ફેરફાર થઇ શકશે નહી.** શાળા પસંદગીની સમગ્ર પૂર્ણ કર્યા બાદ **દરેક ઉમેદવારે Save & Confirm બટન પર ફરજીયાત પણે ક્લિક કરવાનું રહેશે. અન્યથા શાળા પસંદગી થશે નહી.**




- ઉમેદવારે પસંદ કરેલ શાળાઓની અગ્રીમતાક્રમ પ્રમાણેની યાદી પ્રિન્ટ કરવા માટે SCHOOL LIST PRINT પર ક્લિક કરી પોતાની વિગત સાથે શાળાઓની યાદી પ્રિન્ટ કરી શકશે.




- **દરેક ઉમેદવારે શાળા પસંદગી કર્યા બાદ અગ્રીમતાક્રમ નક્કી કર્યા બાદ બાહેંધરી પર ટીક કરી ફરજીયાત પણે કન્ફર્મ (CONFIRM) કરવાની રહેશે. જે ઉમેદવારે યાદી કન્ફર્મ કરેલ નહિ હોય તેની અરજી ધ્યાને નહિ લેવાય તે ખાસ ધ્યાનમાં લેવું.**